આવતીકાલનો ઉજાસ

બૉની ડૉમીનીક
ધોરણ-૮
સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ

અભ્યાસ હોય કે અન્યની સહાય - બૉની હંમેશા તત્પર રહે છે. તે ઈતર પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહે છે અને રમતગમતમાં પણ અવ્વલ રહે છે. તેણે ફૂટબૉલની રમતમાં સ્ટેટ લેવલે અને એથ્લેટીક્સમાં ડિસ્ટ્રીક્ટ લેવલે ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.

શેરવીન ક્રિશ્ચિયન
ધોરણ-૮
સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ

અભ્યાસમાં અવ્વલ અને ઈતર પ્રવૃત્તિઓમાં અગ્રેસરનું સ્થાન ધરાવતો શેરવીન એક ઉમદા વિદ્યાર્થી છે. વાચાળ, મિલનસાર અને વિવેકી સ્વભાવ ધરાવતો તે રમતગમતમાં પણ અગ્રેસર રહે છે. તેણે સ્કેટીંગમાં રાજ્ય કક્ષાએ પસંદગી પામી અને ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી અનેક ઈનામો પોતાને નામે કર્યા છે.

આઈઆઈએમ અમદાવાદમાં
પીજીએસમાં પ્રવેશ માટે ઓનલાઈન અરજી થશે
૧૦ ઓગષ્ટ સુધી અરજી કરી શકાશે

અમદાવાદ, તા.૨૬

દેશની પ્રતિષ્ઠીત શૈક્ષણિક સંસ્થા આઈઆઈએમ અમદાવાદમાં પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ ફોર એક્ઝીક્યુટીવ (પીજીપીએક્સ)ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે આગામી ૧૦મી ઓગષ્ટ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે.

વર્ષ ૨૦૧૩-૧૪ની બેંચ માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારો વેબાસાઈટ પરથી ઓનલાઈન અરજી કરી શકાશે. અરજી ફી ચાલુ વર્ષની ૫૦૦૦ રૂપિયા કરાઈ છે. જ્યારે સંપૂર્ણ અભ્યાસક્રમની ફી ૨૧,૫૦,૦૦૦ રૂપિયા છે. જેમાં ટ્યુશન, બોર્ડીંગ, લોજીંગ, આંતરાષ્ટ્રીય ઈમેરન, પુસ્તકો અને અભ્યાસક્રમના મટેરીયલનો સમાવેશ થવા જાય છે. શોર્ટલિસ્ટેડ ઉમેદવારોને પર્સનલ ઈન્ટરવ્યુ માટે સપ્ટેમ્બર-ઓક્ટોમ્બરમાં બોલાવાશે. જ્યારે અંતિમ પસંદગી ૩૧મી ઓક્ટોબર પહેલા પૂર્ણ કરાશે

ધો-૧૧ના જીવવિજ્ઞાનમાં ૪ માર્ક્સના પ્રશ્નો અભ્યાસક્રમ વગરના પૂછાયા

ગાંધીનગર, તા. ૨૭

માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા સાયન્સ સૅમેસ્ટર પદ્ધતિમાં બીજા સૅમેસ્ટરની જીવવિજ્ઞાનની કસોટીમાં ૪ માર્ક્સના પ્રશ્નો પાઠ્યપુસ્તક બહારના પૂછાયા છે, જેથી વિદ્યાર્થીઓ આ પ્રશ્નોના સાચા જવાબ આપી શક્યા નથી.

વિભાગ-સીમાં પ્રશ્ન નંબર ૩૮ અંતર્ગત કલિકાન્તર વિન્યાન્સ અને પુષ્પવિન્યાન્સ સમજાવો પ્રશ્ન પૂછાયો હતો, જે પૈકી અપાયેલા ચાર વિકલ્પ પૈકી ત્રીજા વિકલ્પ સૂર્યમુખી તથા ચોથા વિકલ્પ વટાણાના કલિકાન્તર વિન્યાસનો પાઠ્યપુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

વિભાગ-સીમાં પ્રશ્ન નંબર ૪૪ અંતર્ગત દેડકામાં કાર્બોદિતનું પાચન સમજાવો પ્રશ્ન પૂછાયો હતો, જે પાઠ્યપુસ્તકમાં ક્યાંય નથી. દેડકાના પાઠમાં ક્યાંય કાર્બોદિત શબ્દનો પણ ઉલ્લેખ નથી. આમ, આ પ્રશ્ન પણ પાઠ્યપુસ્તક બહારનો છે.

આ બંને પ્રશ્નો બે બે માર્ક્સના હતા. આમ, કુલ ૪ માર્ક્સના આ પ્રશ્નો માટે વિદ્યાર્થીઓને ન્યાય મળે તે જરૂરી છે. આ અંગે વિદ્યાર્થીઓની તરફેણમાં નિર્ણય લેવાય તેવી વાલીઓની માગણી છે. જીવવિજ્ઞાનના શિક્ષકો પણ આ અંગે સમર્થન આપે છે. શિક્ષણ વિભાગ યોગ્ય કાર્યવાહી કરે તેવી અપેક્ષા વિદ્યાર્થીઓ અને વાલીઓ સેવી રહ્યા છે.

તારીખ પાંચમી મે ના રોજ
ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ઝીલ અને નિધિનું આરંગેત્રમ્

ગાંધીનગર, તા. ૨૭

કલા એ સમાજનું પ્રતિબિંબ છે. સમાજના પરિવર્તન સાથે કલા સ્વરૂપ પણ બદલાય છે. ભારતની શાસ્ત્રીય નૃત્યકલા પરિવર્તનની આ પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે ત્યારે સાત વર્ષની કઠોર આરાધના બાદ કુ. ઝીલ અને કુ. નિધિના આરંગેત્રમ્ તા. પાંચમી મે ના રોજ બપોરે અઢી વાગે ગાંધીનગર ટાઉનહૉલમાં યોજાનાર છે.

કુ. ઝીલ શ્રી પ્રફુલ્લભાઈ વી પટેલ તથા શ્રીમતી ચેતનાબેન પટેલની સુપુત્રી છે. જ્યારે કુ. નિધિ શ્રી શૈલેષભાઈ આઈ પટેલ તથા શ્રીમતી રેખાબેન ઍસ પટેલની સુપુત્રી છે.

બંને દીકરીઓ આર જી ગર્લ્સ હાઈસ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થીનીઓ છે.

આરંગેત્રમ્ સમારંભના અધ્યક્ષપદે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ ઍમ પટેલ, મુખ્ય મહેમાનપદે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા તથા અતિથિ વિશેષપદે સ્વદેશી જાગરણ મંચ, દિલ્લીના અખિલ ભારતીય સંપર્ક પ્રમુખ શ્રી લાલજીભાઈ પી પટેલ અને ગુજરાત ટી ટ્રેડર્સ એસોસિએશનના પૂર્વ પ્રમુખ શ્રી ઓધવજીભાઈ જે. પટેલ ઉપસ્થિત રહેશે.

સરકારી પોલીટેકનીકનો વાર્ષિકોત્સવ ઉજવાયો
ગાંધીનગર ટાઉનહૉલ ખાતે પ્રસ્તુત કાર્યક્રમમાં ગીત-સંગીત-નૃત્ય અને નાટકની જમાવટ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ખાતે કાર્યરત સરકારી પોલીટેકનીકનો વાર્ષિકોત્સવ 'સૌહાર્દ ૨૦૧૨' આજે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ઉજવાયો હતો.

છેલ્લા એક સપ્તાહથી વિદ્યાર્થીઓ આ ઉજવણી માટે તડામાર તૈયારીઓ કરી રહ્યા હતા. આખરે આજે એ દિવસ આવી ગયો હતો કે વિદ્યાર્થીઓને પોતાના કલા કૌશલનું પ્રદર્શન કરવાની તક મળી હતી. સવારે ૯-૩૦ કલાકથી ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આરંભાયેલા સૌહાર્દ-૨૦૧૨ને માણવા માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા કેટલાક વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં સોલો ડાન્સ, સોલો સીંગીંગ, રાજસ્થાની ડાન્સ, વેસ્ટર્ન ડાન્સ, ફેશન શો, દેશભક્તિ વિષયક નાટક અને કૉમેડી નાટકનો સમાવેશ પણ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ મન ભરીને આ કૃતિઓને માણી હતી અને પોતાની મનગમતી કૃતિઓ પ્રસ્તુત થતાં તાળીઓ અને ચિચિયારીઓથી પ્રતિસાદ પણ આપ્યો હતો. વિદ્યાર્થીઓને પણ આ પ્રતિસાદથી આનંદની લાગણી થઈ હતી. આમ, કૃતિ ભજવનાર અને માણનાર બંનેને આનંદ આવ્યો હતો. સરવાળે વિદ્યાર્થીઓની કલા શક્તિને બહાર લાવવાનો સરકારી પોલીટેકનીકનો આ પ્રયાસ સફળ રહ્યો હતો.

રામોજી ફિલ્મ સીટીમાં લૉંગેસ્ટ સમર કાર્નિવલ : ૧૦ જૂન સુધી સતત ચાલશે
૫૧ દિવસ સુધી ચાલશે વેકેશનની મોજ-મસ્તી અને ધમાલ : કાર્નિવલ પરેડનું આકર્ષણ, મુલાકાત સમય વધારાયો

ગાંધીનગર, તા. ૨૭

વેકેશનમાં કોઈ ધમાકેદાર મોજ મસ્તી કરવી હોય તો ફન અંડર ધ સન નામ હેઠળ ૨૧એપ્રિલ થી ૧૦જૂન સુધી રામોજી ફિલ્મસીટીમાં લૉંગેસ્ટ સમર કાર્નિવલનું આયોજન થયું છે. કાર્નિવલમાં તેની ખાસ પરેડ આકર્ષણ જમાવે છે. આ ઉપરાંત બટર્ફલાય પાર્ક, લકઝરી હોટેલ સીતારામાં રોયલ અને ડીલક્સ રુમમાં રહેવા માંટે બે નાઈટ પછી ત્રીજી રાત્રીનું મફતમાં રોકાણનું પણ નવું આક"ાણ છે. વળી તમે અહીંં ૩-૩૦ વાગે આવીને મોડે સુધી રહી શકો છો. રૂહીં તમે ઘણા બધા શો જોઈ શકો છો. રસ્તા પર જગ્લર અને જજાદુગરોની માયાજાળમાં ખોવાઈ શકો છો. કાર્નિવલના સ્થળ વિશે કેટલીયે હકીકતો કહી શકાય. રામોજી ફિલ્મ સીટી નો પ્રવાસ ખેડનાર દરેકનું મંતવ્ય છે કે ભારતની ભૂમિ પર આટલી અનુપમ જગ્યા બીજે ક્યાંય નથી. ગીનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ મુજબ આ દુનિયાનો સૌથી મોટો ફીલ્મ સ્ટુડિયો કોમ્પલેક્ષ છે. મજાની વાત એ છે કે ત્યાં ફરવા જવાનો આ ઉત્તમ સમય છે. હાલમાં ત્યાં ૫૧ દિવસ લાંબા સમર કાર્નિવલ નું આયોજન થયું છે. આ ઐતિહાસિક લેન્ડ ઓફ મુવીઝ એવી આનંદનગરી એક અત્યંત લોક"િય એવું જોવાલાયક સ્થળ છે.

સહેલાણીઓ માટે અહીં ખાસ મનોરંજક સ્થળો, ફીલ્મસેટ્સ અને રામોજી મુવી મેઝીક છે. રામોજી ફિલ્મ સીટીની મુલાકાત માટે નો સમય પણ વધારી દેવાયો છે. કાર્નિવલ દરમિયાન રાત્રી સમયે આકર્ષણ છે પ્રકાશથી ઝળહળા થતી ફીલ્મસીટીનું સ્વર્ગીય સૌંદર્ય. ખરીદીની ઈચ્છા રાખનારાઓ માટે તો આ એક અનુપમ અવસર પ્રદાન કરે છે. ઉંચા-ઉંચા ડુંગરા અને નયન રમ્ય લીલોતરી વચ્ચે ઘેરાયેલી આ જગ્યામાં તમે મૈસુરનો પ્રખ્યાત વૃંદાવન ગાર્ડન જોઈ શકો છો. તેમજ જેલ, એરપોર્ટ, બાદશાહના બગીચા, ઉંટીનું સ્વર્ગ અને હેલીપેડ પણ છે. અહીં લંડનની પ્રિન્સેસ સ્ટ્રીટ છે તો મુંબઈની ઝૂંપડપટ્ટી પણ છે. અહીં પેરિસની બજાર અને ચાયના ગાર્ડન છે. આ ઉપરાંત સાચૂકલી ફાઈવસ્ટાર હોટેલો, રેસટોરા, હોટલ, ગેટ વે ઓફ ઈન્ડિયા, બાળકો માટે ફંડુસ્તાન નામે બાળનગરી પણ છે પ્રિયજનો માટે ભેટ આપવા માટે પણ આ એક અનોખો મોકો આપે છે. અહીં તમે તમારી

પસંદગીના રેસ્ટોરન્ટમાં રહી ટેસ્ટી ભોજનનો આનંદ ઉઠાવો અને ત્યાંની આરામદાયક હોટલોમાં રહેવા માટે પણ આકર્ષક પેકેજની ઓફર છે. એવામાં હાલમાં જ ઉનાળુ વેકેશન પડતા વાલીઓમાં પોતાના બાળકોને આ વખતે ક્યાં લઈ જવા એની ચર્ચાઓ શરુ થઈ ગઈ છે. ઉનાળુ વેકેશનને યાદગાર બનાવવા એકવાર રામોજી ફિલ્મ સીટી ની આ અદ્ભૂત મયાવી દુનિયામાં ફરવા જવાનો વિચાર ઉત્તમ છે. અહીં ટીકીટો બુક કરાવવાનો સમય પણ સાંજના ત્રણ વાગ્યા સુધી વધારી દેવાયો છે. રામોજી ફીલ્મ સીટી ડોટ કોમ ની મુલાકાત લેશો અથવા ૯૩૪૭૭૮૯૮૯૮નો સંપર્ક કરશો તો તમને ઘણીયે વધુ માહિતી મળી રહેશે.

સુરક્ષિત થઈએ ઈ-વૅસ્ટના જોખમોથી
નિયમો અમલી બની રહ્યા છે પહેલી મે, ૨૦૧૨થી...

ઘરગથ્થું કચરામાં જૈવિક અને અજૈવિક કચરો ભળે છે, તેવી દષ્ટીથી આ કચરાને ગણવામાં આવતો હતો. પર્યાવરણના વિવિધ પાસાઓ પર પ્રદૂષણના થઈ રહેલ પ્રભાવ અંગે છેલ્લા ત્રણ દાયકાઓથી હાથ ધરાયેલ જુદાજુદા અભ્યાસોના તારણોમાં હવે જણાયું છે, તેમ આપણી આધુનિક જીવનશૈલીને કારણે આ ઘરગથ્થું કચરાના અજૈવિક પ્રકારમાં પુનઃચક્રિત થઈ શકે તેવા અલગ અલગ કચરાઓની નોખી ઓળખ કરવામાં આવી છે. આ પુનઃચક્રિત ગુણધર્મવાળા કચરાને રિસાયક્લેબલ કચરા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રિસાયક્લેબલ કચરામાં પ્લાસ્ટિકનો કચરો, કાગળ-પેપરનો કચરો અને હવે ઈ-વૅસ્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. રિસાયક્લેબલ કચરામાં ઈ-વૅસ્ટના જોખમોથી પરિચિત થવું હિતાવહ છે.

ઈ-વેસ્ટના જોખમો :

બિન ઉપયોગી થયેલા ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ સાધનો હવે ઈ-વૅસ્ટ ગણાય છે. આ સાધનો પૈકી પીસીબી- પ્રિન્ટેડ સર્કિટ બોર્ડમાં જોખમી લૅડ અને કેડમિયમ પદાર્થો હોય છે. સીઆરટી- કેથોડ-રે-ટ્યૂબમાં લૅડ ઑક્સાઈડ અને કેડમિયમના પદાર્થો હોય છે. સ્વિચિસ્ અને ફ્લૅટ સ્ક્રિન મોનિટરમાં મરક્યૂરી હોય છે. કમ્પ્યૂટર બૅટરીમાં કેડમિયમ હોય છે. કેપેસિટર અને ટ્રાન્ઝિસ્ટરમાં પીસીબી ઉપયોગમાં લેવાય છે. પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ અને કેસિંગ કેબલ બ્રોમિનેટેડ ફ્લૅમ રિટાર્ડન્ટ (જ્વાળા અવરોધક) બનાવવામાં આવે છે. કેબલ ઈન્સ્યૂલેશન અને કોટિંગ માટે પીવીસી વપરાય છે. આવા અનેક જોખમી ગુણધર્મોવાળા પદાર્થો ઈ-વૅસ્ટસ્મે ઘરગથ્થું કચરા સાથે ફેંકવાથી આપણા જળસ્ત્રોતો પ્રદૂષિત બને છે. અને ફૂડ-સાયકલમાં ભળીને શરીરમાં અનેક પ્રકારના રોગો ફેલાવી શકે છે.

જુદા જુદા કચરાની પદ્ધતિસરની જાળવણી અને વ્યવસ્થાપન માટે કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા બાયોમેડિકલ કચરો, પ્લાસ્ટિક કચરો, નગરનો કચરો(મ્યુનિસિપલ વૅસ્ટ) અંગે વખતોવખત નિયમો પ્રસિદ્ધ કરીને અમલમાં મૂકવામાં આવ્યા છે. ઈ-વૅસ્ટ મહદ્અંશે રિસાયક્લેબલ કચરો છે. તે અંગે ઈ-વૅસ્ટ (વ્યવસ્થા અને જાળવણી) નિયમો, ૨૦૧૧ના નામે તારીખ ૧૨.૫.૨૦૧૧ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જેમાં આ નિયમોના અમલની તારીખ ૧.૫.૨૦૧૨ જાહેર કરવામાં આવી છે.

આ કાયદાના અસરકારક અમલની પૂર્વ તૈયારી માટે કદાચ સરકારી તંત્રને પ્રથમ વખત આશરે એક વર્ષનો સમયગાળો મળ્યો છે.

આ ઈ-વેસ્ટના નિયમો કોને લાગુ પડે છે ?

ઈ-વૅસ્ટના નિયમોની અનુસૂચિ(સ્કૅડ્યૂલ)-૧માં દર્શાવેલ મુખ્ય બે વર્ગ(કૅટેગરી)માં સમાવિષ્ટ ઈન્ફૉર્મેશન ટૅક્નોલોજી અને ટેલિકમ્યુનિકેશનના ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ સાધનો તેમજ તેના હિસ્સા-પુરજાના ઉત્પાદન, વેચાણ, ખરીદ અને આવા સાધનોને પ્રોસેસીંગ કરનારને તેમજ તેના ઉત્પાદક, છૂટક કે જથ્થાબંધ વપરાશ કરતા ગ્રાહકોને આ નિયમો લાગુ પડે છે.

અનુસૂચિ(સ્કૅડ્યૂલ)-૧માં મુખ્યત્વે એલસીડી અને એલઈડીવાળા ટેલીવિઝન, રેફ્રિજરેટર, વૉશિંગ મશીન, ઍર-કન્ડીશનર(સેન્ટ્રલાઈઝ્ડ ઍર-કન્ડીશનર પ્લાન્ટ સિવાય) સેન્ટ્રલાઈઝ્ડ ડેટા પ્રોસેસિંગ, મેઈનફ્રેમ, નાના-મોટા તમામ કમ્પ્યૂટર, પ્રિન્ટર (કાર્ટિઝ સહિત), કોપીઈંગ મશીન, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ ટાઈપરાઈટર, ટેલેક્ષ-ફેક્સ મશીન, પેયડ/કોડલેસ ટેલિફોન, સેલ્યૂલર ફોન, આન્સરીંગ મશીન, વગેરેનો સમાવેશ કર્યો છે.

દરેક રાજ્યમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કાર્યરત્ છે. આ બોર્ડે ઈ-વૅસ્ટના નિયમો હેઠળ રિસાયક્લર, અને ડિસ્મેન્ટલરનું રજીસ્ટ્રેશન કરવાનું રહે છે. જે માટે ઑથોરાઈઝેશન આપવાની પદ્ધતિ અનુસરવામાં આવે છે.

ગુજરાતમાં, જીપીસીબી દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓને સાથે રાખીને ગાંધીનગર, અમદાવાદ, નડીયાદ, આણંદ, ગોધરા, વડોદરા, અંકલેશ્વર, ભરુચ, સુરત, નવસારી, વાપી, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, જામનગર, ભૂજ, સુરેન્દ્રનગર, હિમંતનગર, મહેસાણા અને પાલનપુર ખાતે ઈ-વૅસ્ટના નિયમો અંગે વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમો યોજ્યા. સાથોસાથ ઈ-વૅસ્ટને રિસાયલ કરવા માટે આશરે આઠેક એજન્સીઓની મળેલ ઑથોરાઈઝેશન માટેની અરજીઓ પૈકી જરુરી સુવિધાઓ ઊભી કરવામાં સફળ થયેલ એજન્સીઓને અધિકૃત કરી છે. આ એજન્સીઓએ ઈ-વૅસ્ટ કલેક્શનની કામગીરીનો પ્રારંભ પણ કર્યો છે.

વાસ્તવમાં, ઈ-વૅસ્ટ તેમજ પ્લાસ્ટિકના કચરાના કલેક્શન સેન્ટર ઊભા કરવાની જવાબદારી દરેક મ્યુનિસિપલ ઑથોરિટીની છે. આ નિયમોનો સફળતા પૂર્વક અમલ કરવા માટે હવે, સ્થાનિક મ્યુનિસિપલ ઑથોરિટી કક્ષાએ રાજકીય ઈચ્છાશક્તિ નોંધપાત્ર પરિણામો લાવી શકે તેમ છે. આ કામગીરીથી માત્ર ઈ-વૅસ્ટ અને પ્લાસ્ટિકના કચરાનું જ વ્યવસ્થાપન થશે, તેટલું જ નથી, પરંતુ, અધિક ફાયદો, નગરના કચરાની સમગ્ર પરિસ્થિતિમાં આમૂલ પરિવર્તન લાવી શકે તેમ છે. અલબત્ત, પ્લાસ્ટિક કચરાના નિયમો હેઠળની રાજ્ય કક્ષાની સૂચિત સલાહકાર સમિતિ કૅટાલિટિક (ઉદ્દીપક)નું કાર્ય કરવા સક્ષમ છે. ત્યારે, સંબંધિત મ્યુનિસિપલ ઑથોરિટી ઈ-વૅસ્ટ તેમજ પ્લાસ્ટિકના કચરાના કલેક્શન સેન્ટર ઊભા કરવા માટે પર્યાવરણ ક્ષેત્રે રસ ધરાવતી વ્યક્તિઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ મીડિયાના સહિયારા પ્રયાસથી મ્યુનિસિપલ ઑથોરિટીની કામગીરીને ગતિમાં લાવી શકાય તેમ છે. પહેલી મેથી અમલમાં આવતા આ ઈ-વૅસ્ટના નિયમોની અમલવારી માટે ગુજરાતના સ્થાપના દિનની ઉજવણી સાથોસાથ મ્યુનિસિપલ ઑથોરિટીની આ કામગીરીને પણ આવરી લેવાય તે આવકાર્ય છે.

- નરેશ ઠાકર

વૃધ્ધાશ્રમ એ જ જીવનનો સાચો આનંદ!



આદ્યકવિ નરસિંહ મહેતાની એક કવિતા ઘડપણ કોણે મોકલ્યું? અનાયાસે મારા વાંચવામાં આવે છે અને ચોરપગલે મારી નજીક સરકી રહેલા ઘડપણની કલ્પનામાત્રથી હું ધ્રુજી ઊઠું છું. વિચારે ચઢું છું કે શું ઘડપણ ખરેખર દોઝ્ઝાલું છે? જવાબ શોધવાનું મારે માટે સહેલું છે કારણકે ચહેરા પરની કરચલીયુકત લિપિ ઉકેલવાનું મને ફાવે છે. હું વૃધ્ધત્વને ચાહું છું, વૃધ્ધોની દોસ્તી મને ગમે છે. હું તરત જ એક વૃધ્ધ મિત્રના ઘરે દોડી જાઉં છું અને સાવ ભોળાભાવે પૂછી લઉં છું કે હેં ગાંધીભાઈ, શું ઘડપણ ખરેખર દોઝ્ઝાલું છે?

કોણ કહે છે કે ઘડપણ દોઝ્ઝાલું છે? વિગતવાર વાતો કરવા માટે ગાંધીભાઈની ઝીણી આંખો થોડી વધુ ઝીણી થાય છે. કહે છે કે કિશોરભાઈ, ગૃહસ્થાશ્રમ એટલે તો જવાબદારી! વૃધ્ધાશ્રમ એ જ જીવનનો સાચો આનંદ! હકીકતે તો ઘડપણને કઈ રીતે જીવાય છે તે બાબત મહત્વની છે. કયાં ગામડાના એક અંધારા ઓરડાના એક ખૂણે ખોયા જેવા ખાટલામાં એકધારું ખાંસતું ઘડપણ અને કયાં ઈસ્ત્રી ટાઈટ પેન્ટ(ઘરના તમામ સભ્યોના કપડાંને ઈસ્ત્રી તેઓ જ કરે છે!), ઈન કરેલ શર્ટ, ટટ્ટાર છાતી, કલીનશેવ ચહેરો, આછા પાતળા ધોળા વાળ, ચમકતું વિશાળ લલાટ, છએક ફૂટની ઊંચાઈ અને આંખોમાં ઘડપણને જોઈ લેવાની ખુમારી સાથેના ડાહ્યાભાઈ ગાંધી? શાલીન વ્યકિતત્વના ધણી! પંચ્યાસી વર્ષે એક યુવાનને શરમાવે તેવો તરવરાટ! મૂળ ગામ ધોલેરા. જૈન વણિક જ્ઞાતિ. પિતાજીએ સ્વામિનારાયણ ધર્મ અંગીકાર કર્યો. સમાજે નાત બહાર કર્યા. ધંધાર્થે કરાંચી ગયા. પિતા શાંતિલાલના ઘરે સને ૧૯૨૮માં આપણા ડાહ્યાભાઈનો જન્મ. મેટ્રિકયુલેશન કરાંચીથી પાસ કર્યું. ભાગલા પછી સ્વતંત્ર ભારતમાં રહેવા આવ્યા. સૌરાષ્ટ્ર સ્ટેટની નોકરી સ્વીકારી. બધી કપાત થતાં માત્ર ચાર રૂપિયાનો પગાર હાથમાં આવતો, પણ સુખ હતું. ૧૯૮૪માં રાજયના માહિતી ખાતામાંથી વયનિવૃત્ત થયા. નોકરી દરમિયાન હાથભીડવાળા કર્મચારી પ્રસંગોપાત તેમની પાસે ઉછીના પૈસા લેવા આવતા. લેનારની આર્થિક પરિસ્થિતિ જોતાં જ તેમને ખબર પડી જતી કે ઉછીના આપેલા નાણાં પરત મળી શકવાના નથી છતાં પણ આપણા ગાંધીભાઈ માનતા કે કોઈની પાસે નહીં ને ફકત તેમની પાસેથી જ કેમ પૈસા ઉછીના માગવામાં આવતા? કદાચ અહીંથી ના સાંભળવા નહીં મળે તેવો દ્રઢ વિશ્વાસ માંગનારને હતો! યાચકના આ વિશ્વાસને તેમણે કદી ખોટો પાડ્યો નહીં. પરત નહીં જ મળે તેવી પૂર્વસમજ સાથે નાણાં ઉછીના આપવાને કારણે તેઓ માને છે કે તેમને હતાશા કદાપિ સ્પર્શી શકી નહીં. ૫૯૨, ગુ.હા.બો. સે:૨૪ ખાતે રહેતા શ્રી ગાંધી પૂરા ધાર્મિક. સમયના પણ આગ્રહી. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠે. ૪૫ મિનિટ પૂજા કરે. તેઓ કહે છે કે પૂજા દરમિયાન તેમને અલૌકિક શકિતનો અનુભવ થાય છે. અનોખું બળ મળે છે. તેઓ માને છે કે સમાજસેવા માટે કોઈ સંસ્થામાં જોડાવા કરતા સ્વતંત્ર રીતે સેવા કરવાનો સંતોષ જુદો જ છે. પુણ્ય વહેંચાવાને બદલે આખેઆખું અને વાયાને બદલે પાધરું પોતાને જ મળે છે.

આગવો માણસ - આપણો માણસ
gsrelation@yahoo.com - કિશોર જીકાદરા

ચાર-પાંચ વર્ષ પહેલાની વાત યાદ કરતા તેઓ કહે છે કે, એકવાર સિવિલ હોસ્પિટલમાં ફરતો હતો ત્યારે એક ગરીબ પરિવારની વાતો મેં સરવા કાને સાંભળી. વાત હતી ૧૩-૧૪ વર્ષના છોકરાના પેટના મેજર ઓપરેશન અને તેને આનુષાંગિક ખર્ચની અસમર્થતાની. મારી પાસે વિચારવાનો સમય ન હતો. સચ્ચાઈ સામે હતી. જરૂરી દવાદારૂ માટે આપી શકાય તેટલા પૈસા મેં આપ્યા અને પછીનું ફોલોઅપ સંભાળવાની ભલામણ જુનીયર સિટિઝન્સ કાઉન્સીલના મિત્રોને કરી. ૮૫ વર્ષના શરીરને તેઓ પાવરહાઉસ કહે છે અને આ પાવરહાઉસ દીનદુખિયાના આશીર્વાદથી જ ચાલતું હોવાનું તેઓનું માનવું છે.

ચારધામની યાત્રા એક વાર પણ થઈ જાય તો પ્રત્યેક હિન્દુનું જીવન ધન્ય બની જતું હોય છે. આપણા ગાંધીભાઈ તો તેમની વૃધ્ધાવસ્થા દરમિયાન સાત-આઠ વાર ચારધામ યાત્રા અને છ વાર અમરનાથ યાત્રા કરી ચૂકયા છે. ગાંધીનગરના વરિષ્ઠોને લઈને તેમણે કેટલાય ધાર્મિક પ્રવાસોનું સફળ આયોજન કર્યું છે. બહોળા અનુભવને કારણે તેઓ સફળ ટૂર ઓર્ગેનાઈઝર બની શકયા છે. એક યાદગાર પ્રસંગ વર્ણવતાં તેઓ કહે છે કે ૭૦ થી ૭૫ ની ઉંમરના લગભગ ૧૦-૧૨ વરિષ્ઠોને લઈ તેઓ સને ૨૦૦૪માં કૈલાસમાનસરોવરની યાત્રાએ જવા નીકળ્યા હતા. દિલ્હી પહોંચતા તેમની તબીયત લથડી. સાથેના ફેમિલી ડૉ.કિરીટભાઈએ તેમની નાડી તપાસી. હૃદય બંધ હતું. પૂત્રને ફોનથી જાણ કરવામાં આવી. રામમનોહર લોહિયા હોસ્પિટલ લઈ જવાયા. કેટલાક પ્રયત્નો પછી હૃદય પુનઃ ચાલુ થયું. સાથી મિત્રો ગાંધીભાઈને કેપ્ટન કહેતા. કેપ્ટનનો દ્રઢ નિર્ધાર હતો કે માનસરોવર યાત્રા પૂરી કરવી જ. પોતાની અંગત જવાબદારીએ હોસ્પિટલમાંથી રજા મેળવી. કૈલાસ માનસરોવર યાત્રા પૂરી કરી. ગાંધીભાઈ આ પ્રસંગને પોતાનો પુનર્જન્મ ગણાવે છે અને હસતાં હસતાં કહે છે કે હું તો આઠ વર્ષનો જ છું. કોઈ સમયે ગાંધીભાઈને પેસમેકર મૂકવાની સલાહ થયેલી. બાદમાં ત્રણ આર્ટરી બ્લોક હોવાથી બાય-પાસની પણ ભલામણ થયેલી. કશું કરાવ્યું નથી. પુણ્યના બળે બધું બરાબર ચાલે છે. ૧૯૯૫ સુધી આપણા ગાંધીભાઈ સાયકલ ચલાવતા. હવે સ્કૂટર ચલાવે છે.

શિયાળામાં વહેલી સવારે નીકળે છે. ઠંડીમાં ઠૂંઠવાઈને સૂતેલા શ્રમજીવી પરિવારને તેમની જાણ બહાર મોટા ધાબળા ઓઢાડી આવે છે. ફોટા પડાવવાની આવશ્યકતા તેમને જણાતી નથી. નામ કે કિર્તીનો તેમને મોહ નથી. બે ટંક રોટલા અને થોડોઘણો વહેવાર સચવાઈ રહે તેટલી જોગવાઈ રાખીને પોતાના પૈસે અને પછી કોઈ મદદ કરે તો તેમના વતી તેઓ સમાજસેવા કરી આવે છે. કયારેક મધુર ડેરી તરફથી છાશના પેકેટો દાનમાં મેળવે છે અને મજૂરો લુખ્ખું જમતાં હોય તે જ સમયે તેમને છાશ આપી આવે છે. કઈ વસ્તુ કયા સમયે મળે છે તેનું મહત્વ અદકેરું હોય છે. ૧૯૯૬ ની અમરનાથ યાત્રા દરમિયાન એક વૃધ્ધ અને તેની સાથે આવેલ ચાર યુવાન કન્યાઓની જવાબદારી વચ્ચે કુદરતે વર્તાવેલા કાળા કેર જેવું બરફવર્ષાનું તાંડવ પણ તેમણે જોયું છે.કષ્ટ પછી ઈશ્વરના દર્શન થાય તેનો આનંદ કંઈ ઓર જ હોય છે. જમ્મુમાં ગુજરાતીનો કોઈ ભંડારો ન હતો. ભંડારાની કલ્પના સાથે ૧૯૯૭માં અમરનાથ સેવા ટ્રષ્ટની સ્થાપના કરી. તેઓ માને છે કે કરેલું કદી નિષ્ફળ જતું નથી. મૃત્યુનો ડર નથી. કોઈપણ દિશાએથી તેમને ઘડપણ દોઝ્ઝાલું લાગતું નથી બલ્કે ચોતરફથી પ્યારુંપ્યારું લાગે છે. મરવા વાંકે જીવતા અને અકાળે વૃધ્ધ થઈ જતા લોકો માટે ગાંધીભાઈ આદર્શ બની શકે તેમ છે. આવા ગાંધીભાઈની સમાજને જરૂર છે. ૮૫ના જુમલે અડીખમ રમી રહેલા ગાંધીભાઈને સદી બનાવતા કોઈ રોકી શકશે નહીં. ખુદ યમ પણ નહીં!!!

વિચારકણિકા

ક્રાઈંગ બર્થ, લાફીંગ લાઈફ અને ડાન્સીંગ ડેથ એ ઉત્તમ મનુષ્ય જીવનના ત્રણ લક્ષણો છે.

ooooo